# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 26-10-2024 સવારે : 7.10 થી 7.20

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરશે
2) ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ ફૂડ સેફ્ટી પખવાડિયા અંતર્ગત ગાંધીનગરમાંથી 7 લાખથી વધુની કિંમતનો શંકાસ્પદ ઘી અને તેલનો જથ્થો કબજે કર્યો.
3) પશ્ચિમ રેલવે તહેવારોને ધ્યાનમાં રાખીને 278 વિશેષ ટ્રેન દોડાવશે.
4) ભારતીય તબીબી મંડળે પરસ્પર શૈક્ષણિક પ્રવૃત્તિઓને મજબૂત કરવા રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા
5) પેન્શનધારકોને ઘરેબેઠા જીવન પ્રમાણપત્ર બનાવી આપવામાં આવશે - ભારતીય ટપાલ વિભાગની નવી પહેલ

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 115મી કડી છે.

આવતીકાલે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

.................

## GANDHINAGAR FOOD SEIZED

ગાંધીનગર જિલ્લાના ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ ખાદ્ય સુરક્ષા પખવાડિયા અંતર્ગત શંકાસ્પદ 842 કિલો ઘી અને 898 કિલો મીઠો માવો જપ્ત કર્યાના અહેવાલ છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, તંત્રએ જિલ્લાના વિવિધ સ્થળો પર ચકાસણી દરમિયાન અંદાજિત 7 લાખ 50 હજાર 580 રૂપિયાની કિંમતનો જથ્થો કબજે કર્યો છે. તંત્રએ માવો, ઘી, તેલ, બરફી, મિઠાઈ, ફરસાણ, સુકામેવા સહિતની બનાવટોના કુલ 172 જેટલા નમૂના લઈ તેને રાજ્યની ખાદ્ય પ્રયોગશાળામાં તપાસ માટે મોકલ્યા છે.

ખાદ્ય સુરક્ષા પખવાડિયામાં જનજાગૃતિ લાવવા માટે કચેરી દ્વારા મીઠાઈ - ફરસાણના વેપારી તથા ખાદ્યચીજના ઉત્પાદન સાથે સંકળાયેલા વેપારીઓ સાથે ખાદ્ય સુરક્ષા અંગે સંવાદ યોજવામાં આવ્યો હતો. જ્યારે શાળા અને મહાવિદ્યાલયો ખાતે ખાદ્ય સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજા વિદ્યાર્થીઓને જાગૃત કરાયા હતા.

.................

## SPECIALTRAIN

પશ્ચિમ રેલવે દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખી મુસાફરો માટે 278 વિશેષ ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વિશેષ ટ્રેનો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટથી દોડાવવામાં આવશે. પૂર્વ અને ઉત્તર ભારત તરફની ટ્રેનો વધુ પ્રમાણમાં દોડાવાઇ રહી હોવાની માહિતી પશ્ચિમ રેલવેના વરિષ્ઠ જનસંપર્ક અધિકારી પ્રદિપ શર્માએ આપી હતી.

(બાઇટ- પ્રદિપ શર્મા, વરિષ્ઠ જનસંપર્ક અધિકારી, પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળ)

.................

## BOTAD NIMUBENBAMBHANIYA

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાના માર્ગદર્શન હેઠળ ગઇકાલે બોટાદમાં દિવ્યાંગ મૂલ્યાંકન શિબિર યોજાઈ ગઈ, જ્યાં દિવ્યાંગજનોને શારીરિક પડકારોમાં મદદરૂપ બનતા સાધનોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ ઉજ્જૈન એટલે કે, એલિમ્કોના ઉપક્રમે યોજાયેલી શિબિરમાં નિષ્ણાતોના અભિપ્રાય મુજબ લાભાર્થીઓને તેમની દિવ્યાંગતા અનુરૂપ નિયત કરેલા સાધનો આગામી સમયમાં નિ:શુલ્ક અપાશે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

..................

## IMA NFSU MoU

ભારતીય તબીબી મંડળ ગુજરાત – I.M.A.એ પરસ્પર શૈક્ષણિક પ્રવૃત્તિઓને મજબૂત કરવા ગઈકાલે રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય – NFSU સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

આ અંગે NFSUના કુલપતિ પદ્મશ્રી ડૉ. જે. એમ. વ્યાસે જણાવ્યું હતું કે, ‘આ કરારથી બંને સંસ્થાઓ ઇમરજન્સી ટૉક્સિકોલૉજી, ડાયગ્નોસ્ટિક સુવિધાઓ, તબીબોની તાલીમ અને વિસ્તૃત સંશોધનની તક વધશે. આ કરાર હેઠળ, સચોટ તબીબી નિદાન અને શોધ માટે ઝેર અને ઉપચારાત્મક દવાની દેખરેખ સંબંધિત કેસની પણ તપાસ હાથ ધરાશે.

IMAના પ્રમુખ ડૉ. મેહુલ શાહે ન્યાયસહાયક વિજ્ઞાનની વિવિધ શાખાઓ અને સંલગ્ન વિષયોમાં NFSU દ્વારા થઈ રહેલા સંશોધન કાર્ય, તાલીમ અને પરામર્શ કાર્યોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, ‘આ કરાર શૈક્ષણિક અને તબીબી શ્રેષ્ઠતા માટે બંને સંસ્થાઓની પ્રતિબદ્ધતાને મજબૂત કરશે.’

..................

## PENSIONERS TAPALSUVIDHA

ભારતીય ટપાલ વિભાગ દ્વારા પેન્શન ધારકોને ઘરે બેઠા જીવન પ્રમાણપત્ર બનાવી આપવામાં આવશે. હવે પેન્શન ધારકોએ આ પ્રમાણપત્ર રજૂ કરવા કોઈ ટ્રેઝરી, બેન્ક કે અન્ય વિભાગમાં જવાની જરૂર નહીં રહે.

અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે આ અંગે જણાવ્યું હતું કે, ‘પેન્શનધારકો તેમના નજીકના ડાકઘરના પૉસ્ટમેન અથવા ગ્રામીણડાક સેવકની મદદથી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ મેળવી શકે છે. આ માટે માત્ર 70 રૂપિયા ફી નક્કી કરવામાં આવી છે.

(બાઇટ-કૃષ્ણકુમાર યાદવ)

.................

## DAHOD SEVA SETU

દાહોદ જિલ્લામાં ગઇકાલે દસમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમમાં નાગરિકોની રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ કરાયો હતો. ગોધરા રોડ પર આવેલા શહીદ ભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આવક જાતિના દાખલા રાશન કાર્ડમાં નામ દાખલ, નામ કમી, નામ સુધારો તથા E-KYC ની કામગીરી કરવામાં આવી હતી.

.................

## Bhagwan Mahavir University Graduation

સુરતના વેસુ ખાતે આવેલી  ભગવાન મહાવીર વિશ્વવિદ્યાલયનો ચોથો પદવીદાન સમારોહ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન 15 મહાવિદ્યાલયના આર્કિટેક્ચર, પીએચડી, વિજ્ઞાન, કોમ્પ્યુટર એપ્લીકેશન, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, બી.એડ, એન્જિયરીંગ, આર્ટસ, એમબીએ, એમસીએ, ફાર્મસી, B.P.Ed, M.P.Ed, નર્સિંગ સહિત 15 વિદ્યાશાખાના બે હજાર 611  વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરાઈ હતી.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર. પાટીલ અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ વિધાર્થીઓને સમાજ, રાજ્ય અને દેશના હિતમાં આદર્શ યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

.................

## Saras Melo - Jamnagar

જામનગર જિલ્લામાં યોજાયેલા રાજ્યકક્ષાના સરસ મેળામાં 100થી વધુ કારીગર બહેનો પોતાના ઉત્પાદનોનું વેચાણ કરી રહી છે. આ સોમવાર સુધી યોજાનારા મેળામાં

રાજ્યના સખી મંડળની બહેનો દ્વારા હેન્ડલુમ, હેન્ડીક્રાફ્ટ, ગૃહ સુશોભન, વણાટ કામની વસ્તુઓ, પ્રાકૃતિક સરબત જેવી વિવિધ વસ્તુઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.

આ મેળામાં ખરીદી કરવા આવેલાં જામનગરનાં જેસલ રબારીએ પ્રતિક્રિયા આપી હતી.

## (બાઇટ - જેસલબેન રબારી)

.................

## Valsad - Naidu Trophy

વલસાડના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે આવતીકાલથી કર્નલ સી. કે. નાયડુ ટ્રોફી સ્પર્ધાની મેચનો આરંભ થશે, જે 30મી ઓકટોબર સુધી ચાલશે. આ મેચ બી ગ્રુપમાંથી ગુજરાત અને સૌરાષ્ટ્રની ટીમ વચ્ચે યોજાશે. ગુજરાત અને સૌરાષ્ટ્ર બંને ટીમ આ સ્પર્ધાની 2-2 મેચ રમી ચૂકી છે. બી ગ્રુપના પોઇન્ટ ટેબલમાં ગુજરાતની ટીમ 25 પોઇન્ટ સાથે પ્રથમ સ્થાને અને સૌરાષ્ટ્રની ટીમ પોઇન્ટ ટેબલમાં છેલ્લા સ્થાને છે.

વલસાડ જિલ્લાના અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, સૌરાષ્ટ્રની ટીમમાં અંશ ગોસાઈ, સમર ગજ્જર, રક્ષિત મહેતા જેવા ઉભરતા ખેલાડીઓ રમશે. જ્યારે ગુજરાતની ટીમમાં ભવ્ય ચૌહાણ, કેપ્ટન જય માલુસુરે, ઇમેજિનગ પ્લેયર સરલ પ્રજાપતિ સેન પટેલ જેવા ઉભરતા ખેલાડીઓ રમશે.

.................